GJVD070013052026

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર -૯૭/૨૦૨૬ ના કામે આરોપી હરીવદન ગોપાલદાસ કંસારાનાઓની જામીન અરજી તળે હુકમઃ-</u>**

**૧.** અરજી વંચાણે લીધી. સાંભળ્યા.

**૨.** આ કામે તા.૨૪.૦૩.૨૦૨૬ ના રોજ આરોપી સામે ઈસ્યુ કરવામાં આવેલ પકડ વોરંટના કામે આરોપી પકડાઈને રજુ થતા જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલા છે. આરોપી તર્ફે કોઈ પણ વિ.વ.શ્રીનું વકીલાતનામુ રજુ થયેલ નથી. જેથી હાલની જામીન અરજી રજુ થયેલ હોવા છતાં આરોપી તર્ફે કોઈએ સુનાવણી કરેલ નથી. સુનાવણીના તબકકે આરોપી તર્ફે વિ.વ.શ્રી એ.એચ. મકરાણીએ વકીલાતનામુ રજુઆત કર્યા વિના હાજર થયેલ અને તેમનુ વકીલાતપત્ર રેકર્ડ ઉપર નથી તેવી હકીકત તેમના ધ્યાન ઉપર આવતા સદરહુ અરજીના કામે તેમણે કોઈ દલીલો કે રજુઆત કરેલ નથી. ત્યારબાદ તા.૦૧.૦૪.૨૦૨૬ ના રોજ તેઓ હાજર થયેલા છે અને એવી દલીલ કરેલ છે કે, આ કામે આરોપી હરીવદન ગોપાલદાસ કંસારાના પત્ની વૈશાલીબેન પણ જયુડીશીયલ કસ્ટડીમાં છે અને તેઓ જામીન ઉપર મુકત થશે તો આરોપી હરીવદન સામેના નાની રકમના ચેક રીટર્નના ગુન્હામાં તેઓ નાણાં ભરી દેશે. આ રીતે આરોપીના વિ.વ.શ્રીએ હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવા માટેની કોઈ રજુઆત કરેલ નથી અને તે માટેના કોઈ સંતોષકારક, વાજબી, પુરતા કારણો પણ જણાવેલા નથી.

3. આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ .વ.શ્રી આર.એસ.વસાવાએ જામીન અરજીનો સખત વિરોધ કરેલ છે અને એવી દલીલ કરેલ છે કે, આ કામે આરોપી સામે આ જ પ્રકારની અનેક ફરીયાદો થયેલ છે. સને–૨૦૧૯ થી આરોપી કોર્ટમાં હાજર રહેલા નથી અને તેણે તેની સામેના પ્રોસેસની બજવણી થવા દીધેલ નથી અને જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આરોપી તેની વર્તણુંક મુજબ ગેરહાજર રહેશે અને કેસ કાર્યવાહી આગળ ચાલવા દેશે નહી તેવી પુરેપુરી શકયતા હોવાથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારવામાં આવી છે.

૪. ઉભયપક્ષની દલીલો ધ્યાને લીધી. આ કેસનું રેકર્ડ એન્ડ પ્રોસેસીંગ વંચાણે લેતા આરોપી સામેની પ્રોસેસની બજવણી આરોપી યેનકેન પ્રકારે ટાળતા હોવાનુ જણાઈ આવે છે. તા.૨૫.૦૬.૨૦૨૨ ના રોજ આરોપીને મોબાઈલ નં.૯૮૭૯૫૨૩૬૬૨ ઉપર વોટસએપથી સમન્સની જાણ કરી, કોર્ટમાં હાજર રહેવા માટે સમજ આપવા છતા આરોપી કોર્ટમાં હાજર રહેલા નથી. આરોપી સામે ઈસ્યુ કરવામાં આવેલ પકડ વોરંટની બજવણી માટે વારંવાર સબંધિત પોલીસ સ્ટેશને પત્ર લખવા છતા સદરહુ વોરંટ એવા શેરા અને પીઆઈશ્રી માંજલપુરના પત્ર સાથે વગર બજે આવેલ છે કે આરોપીએ જે સરનામુ બતાવેલ છે તે મકાન તેમણે અન્ય કોઈને વેચાણ આપી દીધેલ છે અને તેઓ કયા રહે છે તેની તેમને ખબર નથી. આરોપી સામે અન્ય સરનામા ઉપર પણ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ, જે પ્રોસેસ મકાન બંધ હોવાના શેરાથી પરત આવેલ છે. વધુમાં વિ.વ.શ્રી એ. એચ.મકરાણીએ તા.૦૩.૦૧.૨૦૨૫ ના રોજ આંક–૨૩ થી બાંહેધરી પુરસીષ રજુ કરીને આરોપીને તા.૨૧.૦૧.૨૦૨૫ ના રોજ હાજર રખાવશે તેવી બાંહેધરી આપેલ છે આમ છતાં આરોપીને તા.૨૧.૦૧.૨૦૨૫ ના રોજ હાજર રખાવેલ નથી. ત્યારબાદ વિ.વ.

શ્રી એ.એચ.મકરાણીએ તા.૨૧.૦૧.૨૦૨૫ ના રોજ આંક–૨૬ થી મુદત અરજી રજુ કરી એવી હકીકત જણાવેલ છે કે આરોપી સાથે ટેલિફોનથી વાતચીત થયેલ છે અને આરોપી તા.૨૮.૦૧.૨૦૨૫ સુધીમાં ચેકની રકમ ચુકવી આપશે.

**પ.** ત્યારબાદ તા.૦૫.૦૨.૨૦૨૫ સુધીમાં આરોપીએ ચેકની રકમ ચુકવી આપેલ નથી. પરંતુ તેમના વિ.વ.શ્રી એ.એચ.મકરાણીએ આંક–૨૮ થી મુદત અરજી રજુ કરી એવી હકીકત જણાવેલ છે કે, તેમણે આપેલ બાંહેધરી મુજબ નાણાંકીય વ્યવસ્થા થયેલ ન હોવાથી એક છેલ્લી તક આપવા અરજી છે. ત્યારબાદ તા.૨૪.૦૨.૨૦૨૫ સુધી આરોપીએ બાંહેધરી મુજબ પાલન કરેલ નથી અને આંક–૩૦ થી વિ.વ.શ્રી એ.એચ.મકરાણીએ નાણાંની વ્યવસ્થા કરવા મુદતની માંગણી કરેલ છે. આ રીતે આરોપી તર્ફે વિ.વ.શ્રી એ.એચ. મકરાણીનું વકીલાતપત્ર ન હોવા છતાં તેમના મારફતે આરોપી આ કેસની કાર્યવાહીનું ધ્યાન રાખતા હોવાનુ જણાઈ આવે છે. તા.૨૧.૦૧.૨૦૨૫ ના રોજ નાણાં ભરી આપવાની લેખિત બાંહેધરી આપેલ હોવા છતાં તેનુ પાલન કરેલ નથી. વધુમાં તેમની સામે પકડ વોરંટ ઈસ્યુ કરી બેંક ઓફ બરોડા સમા, સાવલી બ્રાન્ચ ખાતે મોકલવા છતાં તેની બજવણી આરોપીએ થવા દીધેલ નથી. આરોપી સામે બેંક ઓફ બરોડાના આસીસ્ટન્ટ મેનેજરના હોદ્દા ઉપર તેમની હેડ બ્રાન્ચ, માંડવી ખાતે પકડ વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીએ વોરંટની બજવણી થવા દીધેલ નથી, ત્યારબાદ પી.આઈ.શ્રી ડભોઈને યાદી સાથે પકડ વોરંટ મોકલી આપવુ પડેલ છે અને મુદ્દામ માણસ મારફતે આરોપી સામેના પકડ વોરંટની બજવણી કરવા સારૂ બેંક ઓફ બરોડાના રીઝીઓનલ મેનેજરનો સંપર્ક કરી, વોરંટની સકારાત્મક બજવણી કરાવવા સખત સુચના આપ્યા બાદ આરોપી પકડ વોરંટના આધારે અત્રેની અદાલત સમક્ષ પકડાઈને હાજર

થયેલ છે. આ રીતે આરોપીએ તેની સામે દાખલ થયેલા ૧૦ થી વધુ ચેક રીટર્નના કેસમાં પ્રોસેસની બજવણી ચેનકેન પ્રકારે ટાળીને શકય તેટલા તમામ પ્રયાસો કરેલા છે. આ રીતે આરોપીની સમગ્ર વર્તણુંક ધ્યાને લેતા આરોપીએ સને–૨૦૧૯ થી આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પ્રોસેસની બજવણી ટાળવા માટે તમામ પ્રયત્નો કરીને ન્યાયતંત્ર તથા પોલીસ તંત્રની હાંસી ઉડાવેલ છે. આરોપીની આવી વર્તણુંકના કારણે આ કેસની ઈન્સાફી કાર્યવાહીનો એક પણ તબકકો આગળ ચાલી શકેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટ ધ્વારા ચેક રીટર્નના કેસ ઝડપથી પુર્ણ કરવા માટે વારંવાર જુદી જુદી ગાઈડ લાઈન પુરી પાડવામાં આવેલ છે પરંતુ તે ગાઈડ લાઈનનું પાલન ન થાય તે માટે આરોપી કેવા પ્રયત્નો કરે છે તે દર્શાવતુ આ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે તેવો કેસ છે. સને–૨૦૧૯ થી સને ૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી એક પણ વખત કોર્ટમાં હાજર રહેલા નથી અને તેમ કરીને તેણે પોતાનો ઈરાદો સ્પષ્ટપણે વ્યકત કરેલ છે. આ સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીથી આ કેસની ઈન્સાફી કાર્યવાહીને ખોરંભે જવા માટેના તમામ પ્રયત્નો કરશે અને પોતે ડ્રાઈવર સીટ ઉપર બેસી કેસની કાર્યવાહી આગળ નહી વધવા દે તેવી પુરેપુરી શકયતા નકારી શકાય તેમ નથી. આરોપી સરકારી કર્મચારી હોવા છતાં તેમણે કાયદાનો તથા કોર્ટ કાર્યવાહી તથા પોલીસ તંત્રની હાંસી ઉડાવેલ છે જે વર્તણુંકની ગંભીરતાપુર્વક નોંધ લઈને આરોપી ના વિ.વ.શ્રીએ આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે એક પણ કારણ જણાવેલ નથી. આ સંજોગોમાં આરોપીની જામીન અરજી મંજુર કરવાને પાત્ર નથી તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– <u>હુકમ</u> –**

આથી, આરોપી **<u>હરીવદન ગોપાલદાસ કંસારા</u>**ની હાલની જામીન અરજી **<u>નામંજુર</u>** કરવામાં આવે છે.

**હુકમ** આજ તારીખ **૦૨** મી માહે **એપ્રિલ**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ડભોઈ.
તા.૦૨/૦૪/૨૦૨૬

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
એડીશ્નલ ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, ડભોઈ.
જીજે ૦૦૮૪૩

જે.વી.કેસરિયા પી.એ.